# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-12-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SURAT - CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિ માર્કેટમાં ગુજરાતના પ્રથમ એલિવેટેડ માર્કેટ યાર્ડને ખુલ્લું મૂક્યું હતું. વાર્ષિક ત્રણ હજાર ૭૦૦ કરોડ રૂપિયાના ટર્નઓવર ધરાવતી સુરત APMCનો રાજ્યના અર્થતંત્રમાં મહત્વનું યોગદાન છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, એલિવેટેડ માર્કેટયાર્ડથી ખેડૂતોને ફાયદો થશે.

(BYTE – CM, SURAT)

સુરત એપીએમસી માર્કેટના આધુનિકીકરણ અને વિસ્તૃતિકરણના ભાગરૂપે એલિવેટેડ માર્કેટ યાર્ડનું નિર્માણ પામેલી આ અત્યાધુનિક માર્કેટમાં ૧૦૦ ફૂટ પહોળો રેમ્પ બનાવવામાં આવ્યો છે, જેથી ટેમ્પો, ટ્રક સીધા પહેલા માળે દુકાનોની સામે જ જઈ શકશે. આ સુવિધાથી કૃષિ પેદાશોને લાવવા-લઇ જવામાં સમય બચશે અને ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળશે, અને કૃષિ જણસો સીધા વેપારીઓની દુકાનો પર જ ઉતારી શકાશે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ , કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ , સાંસદો-ધારાસભ્યો, અગ્રણીઓ, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH - ESTIMATES COMMITTEE

ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ ૧૬ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારના જામનગર , દેવભૂમિ દ્વારકા , પોરબંદર અને ગીરસોમનાથ જિલ્લાના અભ્યાસ પ્રવાસે જશે.

આ સમિતિ અભયારણ્ય અને મરીન નેશનલ પાર્ક સહિતના વિવિધ સ્થળોની મુલાકાત કરીને સામાજિક વનીકરણ , વૃક્ષારોપણ, દરિયાઈ સૃષ્ટિના જતન – સંવર્ધન, એશિયાટિક સિંહોના વ્યવસ્થાપન સહિતના મુદ્દાઓ પર સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે.

આ ઉપરાંત સમિતિના સભ્યો સ્થાનિક નાગરિકો સાથે વિવિધ મુદ્દાઓ પર સંવાદ કરશે.

. . . . . . . . . . . . .

# DOCTER NEHAL GAJERA – NATIONAL AWARD

ગાંધીનગરના સરકારી આયુષ ડોક્ટર નેહલ ગજેરાએ રાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૨૫ના ઇન્ડિયન ડોક્ટર પ્રાઈડ એવોર્ડ અને રાષ્ટ્રીય ચિકિત્સા સેવા શ્રી સન્માન એવોર્ડ મેળવીને ગુજરાત રાજ્યને ગૌરવ અપાયું છે.

ડોક્ટર નેહલ બેટી બચાવો , માતા મરણ અટકાવવા , કિશોરી સ્વાસ્થ્ય કાર્યક્રમ, મહિલા જનજાગૃતિ પ્રોગ્રામમાં કાર્યરત છે.

ડોક્ટર નેહલ છેલ્લા ૨૦ વર્ષથી આયુષ મેડિકલ ઓફિસર તરીકે તેમજ સોશિયલ બિહેવીયર ચેન્જ કોમ્યુનિકેટર તરીકે રાજ્યમાં ફરજ બજાવે છે.

આ અંગે ડોક્ટર નેહલ ગજેરાએ વધુ માહિતી આપી...

(BYTE – NEHAL GAJERA)

. . . . . . . . . . . . .

# TIGER IN CHHOTA UDEPUR

છોટાઉદેપુર જિલ્લામાં વાઘની ઉપસ્થિતી અંગે જિલ્લા વન વિભાગ પુષ્ટી કરી છે. નાયબ વન સંરક્ષક રૂપક સોલંકીએ જણાવ્યું હતું કે, રતનમહાલ નજીકના છોટાઉદેપુરના જંગલમાં વાઘના પગના નિશાનને લઈ છોટાઉદેપુરના જંગલમાં વાઘ આવ્યો હોવાનું અનુમાન છે.

(BYTE – RUPAK SOLANKI)

છોટાઉદેપુર જિલ્લાની રેન્જમાં વાઘની પુષ્ટિ મળતાં નાયબ વન સંરક્ષક રૂપક સોલંકી દ્વારા કરવામાં આવતાં છોટાઉદેપુર જિલ્લાના જંગલ વિસ્તારમાં વાઘ ની અવર જવર હોવા ને લઈને હાલ વન વિભાગ ની ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# MEHSANA KIDNAPPING CASE

મહેસાણા જિલ્લાના બદપુરા મેઉ ગામ ખાતેના દંપતી અને તેમની ત્રણ વર્ષની દીકરી દસેક દિવસ પહેલા દુબઈથી પોર્ટુગલ જવા માટે રવાના થયા હતા. પરંતુ તેમનું અપરહણ કર્યા બાદ પોર્ટુગલ લઈ જવાના બદલે લિબિયા લઈ ગયા હતા. જ્યાં કોઈ અજ્ઞાત સ્થળે ત્રણેયને બંધક બનાવી અજાણ્યા શખ્સો દ્વારા રૂપિયા એક કરોડની માંગણી કરી હતી.

અમારા મહેસાણાનાં પ્રતિનિધિ જણાવે છે કે, તેમના પરિવારે મહેસાણા જિલ્લા કલેકટરને રજૂઆત કરીને દંપતી અને બાળકીને હેમખેમ ઘરે લાવવા માંગણી કરી છે. તેમજ બંધકોના પરિવારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને બંધકોને પરત લાવવા માંગ કરી છે.

. . . . . . . . . . . . .

# CULTURAL PROGRAM

એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ આહવાના 13 વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ટ્રાયબલ ઈન્સ્ટ્રુમેન્ટમાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી રાજ્યનું નામ રોશન કર્યું છે.

આંધ્રપ્રદેશમાં છઠ્ઠી એકલવ્ય રાષ્ટ્રીય કલ્ચરલ મીટ લિટરેચર ફેસ્ટ અને કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરના ૨૭ રાજ્યોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત રાજયમાંથી ૯૫ જેટલા વિદ્યાર્થીઓએ પ્રતિનિધિત્વ કર્યુ હતું.

જેમાં ગામીત અંશકુમાર, ચૌધરી પ્રિયાંશુ અને વસાવા અભિજીત તથા ગવળી ધ્રુવકુમાર રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યું હતું.

. . . . . . . . . . . . .